ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*મહેશનાં મ્હોરાં પાછળ એ જ ઢંખાયા છે,*
*ને માલ્યાની મદદમાં એ જ પંકાયા છે,*
*ભોંકાયા છે ત્રિશૂળ જેમ ભારતનાં હૃદયમાં -*
*ખોટું લડે, ને બચાવમાં એ જ રોકાયા છે.*

### હાઈકુ

*આ ગુનાઈતો,*
*છે બધા સંબંધમાં -*
*ચોર-માસીના...*

*ચૂંટણી સ્ટેજ*
*ભજવાય નાટક -*
*નોટબંધીનું...*

### ચિંતન

*સુભગાઃ સુલબારોહાઃ ફલપલ્લવ શાલિનઃ ।*
*જાયન્તે તરવો લોકે ન તુ ચન્દનપાદ પાઃ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

જગતમાં સુંદર ફળો, અને પાંદડાઓથી ભરપૂર અને સહેલાઈથી ચડી શકાય તેવાં રમણીય વૃક્ષો વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે, પરંતુ ચંદનના વૃક્ષો અતિ પ્રમાણમાં નથી હોતાં.

કૂતરાંનાં બચ્ચા અનેક થાય છે, સાપણને પણ અનેક બાળક જન્મે છે - પરંતુ સિંહણ એક જ સિંહ બાળને જન્મ આપે છે. સારા સંસ્કારી પરિવારમાં પણ હવે 'બે બસ' ની સમજ આવતી જાય છે. બાળકના વિશિષ્ટ ઉછેર માટે - પણ ધ્યાન કેન્દ્રિત થઈ શકે. દરિયાના મોતી બધી છીપમાં પાકતાં નથી એટલે જ સાચાં 'મોતી'ની કિંમત અમૂલ્ય હોય છે. અહીં વૃક્ષો દ્વારા આ વાત સમજાવવામાં આવી છે.

### સુવિચાર

- લંગડો માણસ પોતાની આધાર લાકડી દુશ્મન સાથે લડવામાં જ ભાંગે, એમાં જ એનું ડહાપણ રહ્યું છે - **જાપાની કહેવત**
- માણસે એટલું સમજવું જ જોઈએ કે એને મળેલો અન્યાય, એ એણે કરેલો અન્યાયનો કેવળ પડઘો જ હતો - **એસ. ભટ્ટાચાર્ય**
- 'સત્ય' એ હરપળે જાણવા માટે છે, ને કોઈક જ પળે ઉચ્ચારવા માટે - **ઓશો**
- એ જ સંગીતકાર મહાન છે જે આપણા હૃદયમાં પહેલા સ્વરોને નહીં પણ આપણામાં રહેલા મૌનને જગાડશે - **ખલીલ જીબ્રાન**
- સૌંદર્યની અને પ્રેમની આરાધનામાં ગાળેલી જીવનની એક પળ, એ એક સૌ વર્ષનાં કીર્તિગાથા ભર્યા જીવન કરતાં વધારે મુલ્યવાન હોઈ શકે - **હૃદયસૂત્ર**
- પ્રેમ ધાન્યમાં ડુંડા જેવો છે, ડુંડા બીજાંકુરો ને ભેગાં કરે છે, પ્રેમ પણ તમારા શ્રેષ્ઠ અંકુરોને ભેગાં કરે છે, એ તમને ઉન્માદ આપે છે - **નવનીત**
- આજનું ઔષધ : રૂક્ષ ત્વચા માટે ટમેટાનો રસ ઉત્તમ ટોનર છે **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ગુરૂને પોતાના શિષ્ય પ્રત્યે વાત્સલ્ય ભાવ હોય છે પોતે શીખવેલું પોતાનો વિદ્યાર્થી સમજે-જીવનમાં ઉતારે એનો આનંદ શિષ્ય કરતાં પણ ગુરુને વધારે હોય છે જયારે વિદ્યાર્થીને અનેકવાર કહેવા છતાં પણ આ વાત સમજાતી નથી ત્યારે ગુરુ ગુસ્સે થાય આ ક્રોધમાં 'કરૂણા' હોય છે - શિષ્યને મારે પણ ખરા - જો કે આજે તો વાલી-વિદ્યાર્થી, શિક્ષક પર 'કેસ' કરી સામે સજા કરે છે.

એકવાર આશ્રમમાં ગુરુ ગિરજાનંદે સ્વામી દયાનંદને ભણાવતાં સોટીથી કાંડા પર ખૂબ ફટકાર્યા. મહેમાન દંડી સ્વામીએ પાછળથી ગુરુજીને ખૂબ જ ઠપકો આપ્યો અને કહ્યું તમે વિદ્યાર્થી દયાનંદ પર વધારે પડતો ક્રોધ કર્યો હતો. ગુરુજીએ સ્વીકાર્યું અને પશ્ચાતાપ રૂપે એક અપવાસ કર્યો.

દયાનંદને આ વાતની ખબર પડી તેઓ દંડી સ્વામી પાસે ગયા અને કહ્યું, ગુરુજીએ મને ક્રોધથી નહીં પણ કરૂણા વરસાવી હતી. કુંભાર જેમ માટીનાં કાચાં વાસણને ટપારી ઘાટીલું બનાવે એમ જ !

# સેનાધ્યક્ષની નિમણૂક પારદર્શક હોવી ઘટે

ભારતીય સેનાના નવા વડા તરીકે ત્રણ સિનિયર આર્મી ઓફિસરોને બાજુએ મૂકી ચોથા નંબરની સિનિયોરિટી ધરાવતા લે.જન. બિપિન રાવતની કરાયેલી નિમણૂક સંદર્ભે કોંગ્રેસ અને જદ(યુ) સહિતના વિપક્ષોએ ખુલાસો માગ્યો છે. આમ જુઓ તો આ પ્રકારની નિમણૂક એ સરકારનો વિશેષાધિકાર છે, એટલે એને કાયદાની રૂએ પડકારી શકાય એમ નથી. વળી ભારતીય સેના શિસ્તબદ્ધ આર્મી તરીકે આગવી પ્રતિષ્ઠા ધરાવતી હોઈ એમાં જેમની સિનિયોરિટી સાઈડલાઈન કરાઈ છે એવા અધિકારીઓ તરફથી પણ અસંતોષ કે વિદ્રોહ થવાની સંભાવના નહીંવત્ છે. છતાં છેલ્લા તેત્રીસ વર્ષોમાં પહેલીવાર બનેલી આ ઘટનાને કારણે લશ્કરી વર્તુળો સહિત રાજકીય પક્ષો અને પ્રજાકીય સ્તરે આવા નિર્ણય પાછળનાં કારણો જાળવાની જિજ્ઞાસા તો રહેશે જ.

આપણી સેનાની ત્રણે પાંખોના અલગ અલગ વડાને વણલખી સર્વોચ્ચતા સાંપડતી રહી છે. પરંતુ આપણી સેનાના સર્વોચ્ચ સરસેનાપતિ તો ભારતના રાષ્ટ્રપતિ છે, જે વડાપ્રધાન અને એમના મંત્રીમંડળની સલાહ મુજબ નિર્ણય લેવા બંધાયેલા છે. એથી બંધારણીય દૃષ્ટિએ નવા સેનાધ્યક્ષની નિમણૂક રાષ્ટ્રપતિ જ કરે છે. પરંતુ જે રીતે ત્રણ વરિષ્ઠ નાયબ સેનાધ્યક્ષોની ઉપેક્ષા કરી નવા સેનાધ્યક્ષ તરીકે સર્વિસમાં એમના કરતાં જુનિયરની નિમણૂક થવા પામી છે, તેથી સ્વાભાવિક રીતે જ કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોને એમાં સત્તાધારી પક્ષની 'મામકા:' કૂટનીતિ દેખાતી હોય તો એમાં કશું ખોટું નથી. વિશેષ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી દરેક બાબતમાં ઊંડા ઊતરી એમને અનુકૂળ રહે એવા જ પદાધિકારીઓ પર પસંદગી ઉતારતા રહેતા હોઈ વિપક્ષોની દલીલમાં વજૂદ પણ છે.

કોંગ્રેસના પ્રવક્તા મહામંત્રી મનીષ તિવારીએ આવી જ રીતરસમ ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટના સર્વોચ્ચ ન્યાયમૂર્તિની નિમણૂક સંદર્ભે અપમાવાશે એવી દહેશત પણ વ્યક્ત કરી છે. ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રીકાંત શર્માએ આવા મુદ્દે વિપક્ષોને

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણ નહીં રમવાની સુફિયાણી સલાહ આપી છે અને દાઝ્યા ઉપર ડામ દેતા હોય એમ કોંગ્રેસ વિશે એની રાજકીય ક્ષેત્રે નિષ્ફળતાને કારણે જ એ આવા સવાલો ઉઠાવતી હોવાનું નિવેદન બલકે આક્ષેપ કર્યો છે. સેના વિશે રાજકારણ ન જ થવું જોઈએ, તે મુદ્દે ભાગ્યે જ કોઈ વિવાદ હોઈ શકે. સત્તાધારી પક્ષના પ્રવક્તા જણાવે છે એમ પાંચ સિનિયર આર્મી ઑફિસરોના પુલમાંથી સૌથી યોગ્ય અને વર્તમાન પડકારોને પહોંચી વળવા સક્ષમ પદાધિકારી પર કળશ ઢોળાયો છે. જો એમ જ હોય તો વિવાદનો અર્થ જ નથી, પરંતુ લોકશાહી રાષ્ટ્રને, એના ચૂંટાયેલા પ્રતિનિધિઓને અને એ રીતે દેશની પ્રજાને એટલું જાણવાનો મૂળભૂત અધિકાર તો હોવો જ જોઈએ કે સાઈડલાઈન કરાયેલા સિનિયરો કરતાં પસંદગી પામેલ લશ્કરી વડાની કઈ વિશેષ લાયકાત હતી.

# શૂન્ય કચરો પેદા કરતું ઘર-૧

ભીડ સાથે ચાલવાનું આપણાથી નહિ બને,
ને બધા જેવા થવાનું આપણાથી નહિ બને.
તું, હૃદય મારું તપાસી દોસ્તી કરજે અહીં.
જાતને શણગારવાનું આપણાથી નહિ બને.

(કવિ મિત્ર ગૌરાંગ ઠાકર)

આપણે રોજ કેટલો કચરો પેદા કરીએ છીએ ? એક અંદાજ મુજબ ચાર થી પાંચ જણનું કુટુંબ ચોવીસ કલાકમાં લગભગ ૫૦૦ ગ્રામ કચરો પેદા કરે છે. એક મહિનામાં આ કુટુંબ સરેરાશ ૧૪ થી ૧૬ કિલો કચરો પેદા કરે છે. આમ એક વર્ષમાં આ કુટુંબ લગભગ ૧૮૦ કિલો (એકસો એંસી કિલો) કચરો પેદા કરે છે એમ કહેવાય.

આની સામે કોઈ બે વર્ષ ને અંતે માત્ર ૫૦૦ ગ્રામ હાં, માત્ર પાંચસો ગ્રામ કચરો પેદા કરે તો ? સાચુ માનવા મન તૈયાર નથી ને ? તો સાંભળો.

તેણે Zero Waste (નહિવત કચરો)ઉત્પન્ન કરે તે પ્રકારની જીવનશૈલી અપનાવવાનું નકકી કર્યુ. પેકેજીંગની દુનિયામાં તથા તૈયાર વસ્તુઓ સુપર માર્કેટમાંથી લાવીને જીવતા લોકોની વચ્ચે 'Zero Waste' સાથે કેવી રીતે જીવવું, તેના માટે તે એક મોટો પડકાર હતો. તેમણે પોતાની રોજિંદી જરૂરિયાતની વસ્તુઓનું સરળતાથી તેમજ જૈવિક ઉત્પાદન કેવી રીતે કરી શકાય તે શીખવાનું શરૂ કર્યું. આમ, સાદાઈથી જીવતાં છેલ્લાં બે વર્ષમાં તેમણે કેટલો કચરો પેદા કર્યો જાણો છો ? માત્ર ૫૦૦ ગ્રામના એ ડબ્બામાં સમાઈ જાય તેટલો જ !

લોરેન ૨૩ વર્ષની છોકરી છે ન્યુયોર્કમાં રહે છે. તેમ છતાં તે કોઈપણ પ્રકારનો કચરો પેદા કરતી નથી. તેની પાસે નથી કચરા પેટી કે નથી તે કચરો નાખવા કયાંય જતી. તે એકાએક આવું જીવન જીવતી નથી થઈ. એ માટે તેણે હેતુપૂર્વક પ્રયત્નો કર્યા. લોરેન કહે છે કે મારા ધ્યાનમાં આવ્યું કે હું તો નર્યો દંભ જ કરું છું ! પહેલી જ વાર મેં અન્યનો વિરોધ કરવાને બદલે પોતાની જિંદગી તરફ નજર કરી હું પોતાને એક કુદરતપ્રેમી માનતી હતી. નહીં કે પ્લાસ્ટિક પ્રેમી ! મેં મારી જિંદગીમાંથી પ્લાસ્ટિકને સંપૂર્ણપણે હટાવી દેવાનું નકકી કર્યું.

પરંતુ પ્લાસ્ટિકને છોડવું સહેલું નહોતું. આખી જિંદગી નવેસરથી શરૂ કરવાની વાત હતી. તેણે ટૂથપેસ્ટથી માંડીને સફાઈ માટેની બધી ચીજ વસ્તુઓને પ્લાસ્ટિકમાં મૂકયા વિના સાચવવાની શરૂઆત કરી. 'શૂન્ય કચરો પેદા કરતું ઘર' ને આધારે ઘણું બધુ શીખી. તેણે પ્રયત્નપૂર્વક રોજીંદા જીવનમાંથી મોટાભાગનું પ્લાસ્ટિક દૂર કરી નાખ્યું.




જીરો પ્લાસ્ટિકમાંથી શૂન્ય કચરા તરફ તેની દોડ વધી. તેણે સૌ પ્રથમ પ્લાસ્ટિકના પેકિંગમાં હોય તેવી વસ્તુઓ ખરીદવાનું બંધ કર્યુ. પોતાની ઘરેથી થેલીઓ અને બરણીઓ લઈ જઈને માર્કેટમાંથી જથ્થાબંધ વસ્તુઓ લાવવાનું શરૂ કર્યુ. નવા કપડાંને બદલે જૂના કપડાં ખરીદવાનું શરૂ કર્યુ. વધારાની વસ્તુઓ વેચી દીધી તો કેટલીક દાનમાં આપી, એમ વધારાની વસ્તુઓનો નિકાલ કર્યો. કેટલાક જિન્સના પેન્ટ હતા, અસંખ્ય શણગારની વસ્તુઓ હતી. તે આપી દીધી. હળવા ફૂલ બની જવાયું.

(આવતાં અંકે પુરું)

મિસરી

આપણું અળગા થવું મંજૂર રાખું પણ તને,
કાળજેથી કાપવાનું આપણાથી નહિ બને,
મારી રીતે જીવને હું શિવ બનાવું છું પરંતુ,
રોજ પથ્થર પૂજવાનું, આપણાથી નહિ બને.

**- santoshdevkar03@gmail.com**

# કિસી કો કુછ ન બતાવો, કિસી સે કુછ ન કહો, સભી સે ખુદ કો છુપાઓ, કિસી સે કુછ ન કહો

માનવીના હૈયે રમે છે એટલી બધી જ વાતો જો હોઠે આવતી હોત તો દરરોજ બસો-પાંચસો ખૂનો એક-એક શહેરમાં ઊજવતા હોત.

'બીડેલા હૈયા' નવલકથામાં ઝવેરચંદ મેઘાણીએ આ કડવી વાસ્તવિકતા લખી છે. વ્યક્તિ જે સાચું છે તે નથી જણાવતો, પણ સારું લાગે છે તે બોલે છે. વ્યવહારિક સમાજમાં જીવવા માટે વ્યાવહારિકતાની ટર્મ્સ એન્ડ કન્ડિશન છે તે સ્વીકારીને ચાલવાનો મહાવરો દરેક વ્યક્તિએ કેળવી લીધો છે.

પણ ખરેખર વસ્તુ સ્થિતિ એ છે કે માણસ સાવ નિખાલસ થવા માગે છે, પેટ છૂટી વાત કરવા ઈચ્છે છે, પ્રત્યેક માણસ ઢીલો છે, એ કયાંકને કયાંક પોતાને ખાલી કરવા ઈચ્છે છે. ઢોળાઈ જવા તત્પર હોય છે, પણ મુશ્કેલી એ છે કે આ માટે યોગ્ય સ્થળ મળતું નથી અને અગાઉ જયાં જયાં પણ પોતાના હૃદયની સત્યતા, મનનો ઉકળાટ, અંતરની છટપટાહટ, એણે ખોલવાનો ગુનો કર્યો. ત્યાં ત્યાં એણે થાપ ખાધી છે. એની આ નિખાલસતા, સરળપણાંનો કાં તો લાભ ઉઠાવવામાં આવ્યો છે અથવા તો તેની ખરાબ રીતે મજાક ઉડાવવામાં આવી છે. તેને હસી નાખવામાં આવ્યો છે.

લાગણીની સરિતા ટહુકો કરે પણ,
ભર સોમાચે કાયં ભીજાય છે માણસ.

- સ્નેહી અંકલેશ્વરી

પ્રત્યેક માણસને કયાંક વરસી પડવાનું ગમે છે, પણ ઉપર જણાવ્યું તેમ સમાજનો દંભી વર્ગ, એટીકેટ વાળી સભ્યતા એ જ આ નિખાલસ, સંવેદનશીલ અને લાગણીશીલ વ્યક્તિને ગણતરીબાજ, સંવેદનશૂન્ય અને રીઢો બનાવી દીધો છે. માણસે અસલ સ્વભાવ પર સંપૂર્ણ પણે વ્યવહારિકતાની પ્લાસ્ટિક સર્જરી કરાવવી પડે છે.

ભગવાનને મનુષ્યનો અમૂલ્ય અવતાર આપ્યો છે, જીવવાની એક્ટિંગ કરવા કે શિષ્ટાચાર પૂરો કરવા માટે નથી જીવવાનું. માણસ-માણસ સામે ખૂલી શકતો નથી. સાચું બોલવાની બદલે સારું બોલવાની ટેવવાળો થયો ત્યારથી, ખોટું કરવાની વૃત્તિ તેનામાં પ્રવેશી ગઈ છે.

કમકમાટીભર્યો ખૂનકેસ આજ-તક પર દેખાડાતો હોય ત્યારે અરેરાટી છૂટે છે, મરી ગયેલા શરીર કમકમાટી જગાડે છે, પણ રોજ-રોજ સંસારના વ્યવહારિકતા રૂપી અત્યાચારો વેઠી-વેઠીને અધમૂઆ થઈ ગયેલાઓની પરવા કરનાર કોઈ નથી. લાકડી, ખંજર તલવાર કે બંદૂકથી ન થયો હોય તેવા પ્રહાર કે પ્રહાર ગણવા કોઈ તૈયાર નથી.

સંવેદનાઓ પરના પ્રહારો વેઠી લેવા એ આજના સમજૂ માણસની મજબૂરી છે, અથવા તો એમ કહો કે આજકાલ સમજુ માણસની વ્યાખ્યા જ એ બની ગઈ છે કે ચૂપચાપ તમાશો સહન કરવાનો અને જોયા કરવાનો. તેમાં ભાગ લેવો હોય તો ચૂપચાપ મૂક પ્રેક્ષક બની રહેવાનું, પણ તેની વિરુદ્ધ હરફ પણ નીકાળશો તો પહેલા પથ્થર તમને વાગશે.

બાળપણમાં જ ચાની લારી પર કામ કરતા બાળકો નિર્દોષતા વટાવી ખાવી પડે છે નાની ઉંમરે મોટા થઈ જવું તેના માટે જરૂરી છે, બાળપણની નિખાલસતા તેને પોસાય તેમ નથી. ને આથી જ સંજોગો તેની નિખાલસતાને પગ તળે કચડીને વ્યવહારિકતાનો રસ્તો કલીયર કરી દે છે. બાળપણને શાણપણ વટાવી ખાય છે.

ગામડાંના ખેડૂતની નિખાલસતાનો શહેરનો વેપારી લાભ લઈ જાય છે. ભોળા કિસાનની મહેનત પ્રમાણે ભાવ ન આપે. ખેડૂતને છેતરીને તે વેપારી તેની પાસેથી ધાન્ય જ નહીં તેની નિખાલસતા પણ ચોરી લે છે. પછી ખેડૂત પણ શાણો બનીને વ્યવહારૂ સમાજમાં ઢળવા માડે છે તેની પાસે બીજો રસ્તો જ નથી.




એક સંવેદનશીલ અને સિદ્ધાંતનિષ્ઠ શિક્ષકનો આદર્શ અને તેની લાગણી એ છે કે બાળકોને ખરા અર્થમાં સરસ્વતીની સાધના શીખવવી પણ એની આ ભાવનાને લુચ્ચા સંચાલકો - દૂધ-પીતી કરી દે છે, અને પછી ગણતરીબાજ ટ્યૂશનિતા શિક્ષકનો જન્મ થાય છે. શાળામાંથી ગુજરાન ચાલે તેટલો પગાર ન મળતો હોવાથી પ્રેક્ટિકલ રસ્તો અપનાવીને તે ટ્યુશનિયા ધંધાને રવાડે ચઢે છે.

સાત્ત્વિક અને શ્રદ્ધાળું ભકતોને ઢોંગી ધર્મગુરુઓ વટલાવી નાખે છે. નિખાલસ માણસને નિખાલસ બનવા બદલ પસ્તાવું પડે એવા આપણા સમાજમાં, ધાર્મિકતાના નામે દંભનો જે દોર ચાલ્યો છે તેનાથી સાચા ભક્તની બદલે સ્વાર્થી અને પ્રોફેશનલ એટીટ્યુડવાળી ભક્તની વર્ણસંકર ગેટેગરી ઉત્પન્ન થઈ છે.

'કિસી કો કુછ ન બતાવો, કિસી સે કુછ ન કહો,
સભી સે ખુદ કો છુપાઓ, કિસી સે કુછ ન કહો.'

- શીન કાફ નિઝામ

કોઈને કશું જ નહીં કહેવાનું, કારણ કે અહીં કોણ કયારે 'બ્રૂટ્સ' બનીને પીઠ પર ઘા કરશે તે કહેવું મુશ્કેલ છે અને આથી જ માણસ હવે ઉઘડતો નથી. ચોમાસામાં તો હજી પણ કયારેક ઉઘાડ નીકળે છે, પણ માણસનો ઉઘાડ નીકળવો મુશ્કેલ છે.

અહીંયા એક બાજુ માતા-પિતા બાળકને સત્યને પાઠ શીખવે છે, અને એ જ પિતા જયારે સંતાનને કહે છે કે, 'બેટા! જો ઓફિસથી ફોન હોય તો બોસને કહી દે જે કે 'પપ્પા' કહે છે કે પપ્પા ઘરે નથી.' પણ આવું તો જોકમાં જ બને છે, ખરેખર તો જૂઠના અને અસત્યના પાઠ ભણતો તે બાળક આબાદ રીતે અસત્ય બોલતા શીખી જાય છે.

સાચું નહીં બોલવાનું આપણે ત્યાં માખણનો ઉપયોગ જેટલો ખાવા માટે નથી થતો એટલો તો લગાવવા માટે થાય છે, અને જે લગાવી જાણે છે તે જ આગળ ધપે છે. બટર-પૉલિશ કરતા ન આવડે તો બૂટ-પૉલિશ કરવાનો વારો આવે છે. જેવા બનવું નથી પણ બનવું પડે તે વ્યવહારિકતા.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# કચ્છનું વ્હાઈટ રણ અને ત્યાં ઉજવાતો રણોત્સવ હવે ગુજરાતના પ્રવાસનની ઓળખ બની ચૂક્યો છે

'મારે દુનિયાને આ વ્હાઈટ રણ બતાવવું છે.'

૧૯૭૦ના દાયકાના અંતિમ વર્ષોમાં કાલખંડમાં યુવાન વયે નરેન્દ્ર મોદીએ તે સમયના ધોરડો ગામના સરંપચ ગુલબેગ મીંયા હુસેનને કહ્યું હતું.

૨૦૧૬ના નવેમ્બરમાં ગેઈટ વે ટુ રન રીસોર્ટમાં શિયાળાનો તડકો ઝીલતા ઝીલતા વર્તમાન સરપંચ અને ગુલબેગ મીંયા હુસેનના દીકાર મીંયા હુસેન ગુલબેગ મુનવા સંસ્મરણોને કહી રહ્યા હતા.

૧૯૭૯ના એ સમયે સ્થિતિ એવી હતી કે મોટા બેટારા-લાઈવારા-જેવા કેટલાક ગામોમાં ખારું પાણી આવી ગયું. ગામ છોડવું પડે એવી દશા હતી. જાણીતા ઉદ્યોગપતિ કાંતિસેન શ્રોફ અહીં આવ્યા હતા. ગુલબેગ મીંયા હુસેને કહ્યું કે, 'હવે આપમે બીજા ગામમાં મળીશું.' કારણ આવ્યું. કાંતિસેને શ્રોફે પોતાના ખર્ચે પ્રશ્ન ઉકેલ્યો. ગામ ન છોડવા કહ્યું. બધી મદદ કરી અને દરમિયાન નરેન્દ્રભાઈ અહીં આવતા સફેદ રણમાં ગયા ત્યારે એમને આ વાક્ય કહ્યું.

લાગણીવશ થઈને ગુલબેગ મુતવા કહે છે, 'નરેન્દ્રભાઈ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા એ પછીના થોડા દિવસોમાં ગાંધીનના ગામમાં આવ્યા હતા. મારા પિતા સાથેના સંસ્મરણો યાદ કરીને મને કહ્યું કે રણ થકી રોજગારીનું કામ કરવું છે.'

વેકરીયાના રણમાં રણોત્સવની શરુઆત થઈ. એ પછી ભીરંડીયારા પાસે અને પછીથી ધોરડોમાં રણોત્સવ યોજાતો થયો. રાજયના મુખ્યમંત્રી તરીકે તે સમયે નરેન્દ્રભાઈ મોદીએ અહીં ચિંતન શિબિર પણ કરી. આરંભે ૧૫ દિવસ માટે આ રણોત્સવ યોજાયો હતો જેમાં પ્રવાસીઓ વધુ આવતા થયા એમ સમય વધતો અને આ સિઝનમાં સાડા ત્રણ મહિના માટે રણતોત્સવનું આયોજન કરાયું છે.

રોજગારીની વાત કરીએ તો અહીંના સ્થાનિક લોકો વિપુલ માત્રામાં આના કારણે રોજગારી મળતી થઈ છે. ડ્રાઈવરો-વાહનોના માલિકો- ઊંટવાળા -હોટેલવાળા - સ્થાનિક રોજિદું કામ કરનારા અને હસ્તકલાના કારીગરો તથા કલાકરો એમને મળતા કામથી રાજી રાજી છે. વિશેષ કરીને ઘરમાં રહીને કામ કરતી બહેનો વિશેષ પ્રમાણમાં સ્વરોજગારી મેળવતી થઈ છે. હસ્તકલા દ્વારા.

ધોરડો ગામમાં શૈક્ષણિક સુવિધા વધી છે અને શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે. જેનું પ્રતિનિધિત્વ અંગ્રેજી વિષય સાથે એમ.એ.નો અભ્યાસ કરનાર હુરાબાઈ જેવી દીકરી છે.

વર્તમાન સંરપંચ મીંયા હુસેન ગુલબેગ કહે છે એક સમયે મેં એટીએમ માટે માંગણી બેંક અધિકારી પાસે કરી તો નવાઈ લાગી હતી આજે ૨૦૧૦ થી અહીં એટીએમ સુવિધા છે. વાઈફાઈ અને ઓપ્ટિકલ ફાઈબરની અહીં સુવિધા છે. ઈન્ટરનેટ પર ડીએચ લખો ત્યાં ધોરડો આવી જાય એવી ઓળખ આ ગામની આજે વિશ્વભરમાં થઈ છે. બન્ની વિસ્તારમાં ૪૫ જેટલા ગામો છે તે પૈકી કેટલાયે ગામોના લોકોને મોટા પ્રમાણમાં રોજગારી મળી છે.

ગામડા ગામના લોકો એમની બોલીમાં ગૌરવપૂર્વક કહે છે કે અમે સાવ છેવાડે વસતા હતા હવે અમે - સુવિધાપૂર્ણ જીવન જીવતા થય તેનો સઘળો યશ ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે.

ગેઈટ વે ટુ ઈન રિસોર્ટ સરકારની ગ્રાંટમાંથી બનાવાયું છે. રાજય સરકારે એનું સંચાલન ધોરડો ગ્રામ પંચાયત સમિતિને સોંપ્યું છે. સમિતિ દ્વારા ધોરડો ગામમાં હોસ્પિટલ ચલાવવામાં આવે છે. જેનો ગ્રામીણ લોકો લાભ લે છે. ઉપરાંત હોસ્પિટલમાં ૧૦૮ ની પણ સુવિધા છે.




ગુજરાત સરકારના ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા અહીં તમામ સુવિધાઓ સાથે ટેન્ટ સિટી બનાવાયું છે. ધોરડો ટેન્ટસીટીમાં વિવિધ કક્ષા પ્રમાણેના ટેન્ટ્સ - ક્રાફ્ટ બજાર - ભોજન વ્યવસ્થા ઉપરાંત પ્રવાસીઓના મનોરંજન માટે પેરા મોટરીંગ - એટીવી - ગોલ્ફ કોર્સ - આર્ચરી વગેરેનો લાભ પણ ટુરિસ્ટોને આપવામાં આવી રહ્યો છે. વિશ્વભરમાંથી ઓનલાઈન બુકીંગ કરાવીને પ્રવાસીઓ મોટી સંખ્યામાં અહીં આવી રહ્યા છે અને કચ્છના વ્હાઈટ રણના પ્રાકૃતિક વૈભવને માણવા સાથે જ કચ્છના અન્ય પ્રવાસન સ્થળોની પણ મુલાકાત લઈ રહ્યા છે.

આમ સફેદ રણે જાણેકે આ વિસ્તારમાં સુખ-સુવિધા અને રોજગારીના મનભાવન રંગોની રંગોળી પૂરી આપી છે.

એક વ્યક્તિ માત્ર સપનું જુએ એમ નહિ પરંતુ સમય એમને સાથ આપે ત્યારે એ સપનાને પોતાના વિચારોને - અમલમાં મુકાવીને કાયમી સ્વરૂપ આપે અને કાયમી સ્વરુપ આપે અને સરવાળે એક આખ્ખાય વિસ્તારની રોકન બદલાઈ જાય ત્યારે એ વાત કેટલી સરસ અને રોચક પુરવાર થાય છે.

કચ્છનું વ્હાઈટ રણ અને ત્યાં ઉજવાતો રણોત્સવ હવે ગુજરાતના પ્રવાસનની ઓળખ બની ચુક્યું છે. રણોત્સવનો આનંદ લેવા દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ અહીં દર વર્ષે મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

કચ્છમાં પ્રવાસન માટે આવતા પ્રવાસીઓને પહાડ-દરિયો-ધરતી અને રણ એમ બધી જ પ્રાકૃતિક સંપદા જોવા મળે છે અને એ તમામ પ્રવાસન સ્થળો આવીને ઐતિહાસિક - ધાર્મિક - સામાજિક - પ્રાકૃતિક બાબતોને જાણીને - માણીને નીરખીને પ્રવાસી આનંદ પામે છે.

પ્રકૃતિ - પ્રેમ અને પરિશ્રમની ધરતી રહી છે. કચ્છ... અને અહીં વ્હાઈટ રણમાં ચાલતા હોઈએ ત્યારે વહેલી સવારે કે ઢળતી સાંજે લોકોના હસતા ચહેરા જોઈએ - એમની રોજગારી થકી વિકસેલું જીવન જોઈએ ત્યારે રાજી થયાની અનુભૂતિ થાય છે એના અજવાળા રેલાય છે.

તેજપૂંજ :

કચ્છડો ખેલે ખલક તે
જીમ સમુદર મેં મચ્છ,
જીત હિકડો કચ્છી વસે,
હોતે ડિયાડી કચ્છ